પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૧૯૦, કુલ પાના:૪, તારીખ: ૦૭-૦૪-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 190 PRICE :-RS. 1.50 DATE : 07-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


## CM રૂપાણીનો મોટો નિર્ણય

# ગુજરાતના ૨૦ શહેરોમાં નાઈટ કર્ફ્યુ, મોટા મેળાવડાં પર પ્રતિબંધ



પ્રતિકાત્મક તસ્વીર

ગાંધીનગર,

લોકડાઉન અંગે ગુજરાત હાઈકોર્ટના સૂચન બાદ ગાંધીનગર ખાતે ઈખ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાઇ બેઠક પૂર્ણ થઇ છે. જેમાં ૨૦ શહેરોમાં રાત્રિ ૮ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી નાઈટ કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. દિવસના કર્ફ્યૂને લઈને કોઈ જાહેરાત થઈ નથી.

CM રૂપાણીની મોટી જાહેરાત : કોર કમિટી બેઠક પૂર્ણ થયાં બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિવેદન આપ્યું હતું કે, ૨૦ શહેરોમાં રાત્રે ૮ થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ રહેશે. તો મોટા મેળાવડાઓ પર આગામી ૩૦ એપ્રિલ સુધી પ્રતિબંધ લાદ્યો હતો.

લગ્ન પ્રસંગે ૧૦૦ લોકોને જ મળશે મંજૂરી : લગ્ન પ્રસંગોને લઈને નિવેદન આપતા જણાવ્યું હતું કે, લગ્નમાં માત્ર ૧૦૦ લોકોને જ મંજૂરી આપવામાં આવશે. ૩૦ એપ્રિલ સુધી સરકારી કચેરીમાં શનિ-રવિ રજા જાહેર કરવામાં આવી છે.

આ ૨૦ શહેરોમાં રહેશે રાત્રિ કર્ફ્યૂ : ૨૦ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી તેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ગાંધીનગર, જામનગર, ભાવનગર, આણંદ, નડિયાદ, મહેસાણા, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ભુજ, ગાંધીધામ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલીનો સમાવેશ થાય છે.

### રાત્રિ કર્ફ્યુ જાહેર થયેલ ૨૦ શહેરો

૨૦ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂની જાહેરાત કરવામાં આવી તેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ગાંધીનગર, જામનગર, ભાવનગર, આણંદ, નડિયાદ, મહેસાણા, મોરબી, પાટણ, ગોધરા, દાહોદ, ભુજ, ગાંધીધામ, ભરૂચ, સુરેન્દ્રનગર, અમરેલીનો સમાવેશ થાય છે.

આંશિક લોકડાઉન મુદ્દે બેઠકમાં થઇ ચર્ચા : આ બેઠકમાં રાજ્યની સ્થિતિ અને લોકડાઉન મુદ્દે મંથન કરવામાં આવ્યું હતું. તો અમિત શાહને સમગ્ર રાજયની સ્થિતિ મુદ્દે વાકેફ કરવામાં આવ્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલી જાણકારી પ્રમાણે, બેઠકમાં આંશિક લોકડાઉન મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી.

અમિત શાહ સાથે સમગ્ર સ્થિતિ મુદ્દે કરાઈ ચર્ચા : નોંધનીય છે કે, નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય ખાતાના અધિકારીઓની ખાસ ઉપસ્થિતિમાં આ બેઠક કેન્દ્રીય મંત્રી અમિત શાહ સાથે યોજાઈ હતી. જેમાં રાજ્યની કોરોના કેસની સ્થિતિ અંગે ચર્ચાઓ કરાઇ હતી અને લોકડાઉન અને કર્ફ્યૂ મુદ્દે પણ મંથન કરવામાં આવેલ.

પ્રજાના હિતમાં નિર્ણય લેવાની ઈખ રૂપાણીએ કરી વાત : કોરોના સંક્રમણ વધતા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરતની મુલાકાત બાદ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જ્યાં તેમણે હાઇકોર્ટના વિકેન્ડ કર્ફ્યૂના નિર્દેશને લઈને પણ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, એડવોકેટ જનરલ સાથે ચર્ચા કરીને પ્રજાના હિતમાં નિર્ણય લેવાશે.

રાજયમાં વિકેન્ડ કર્ફ્યુની જરૂર પડે તેવી સ્થિતિનું હાઈકોર્ટનું અવલોકન : ગુજરાતમાં વધતા કોરોનાના કેસને લઈને હાઈકોર્ટે સરકારને નિર્દેશ કર્યો છે. રાજ્યમાં ૨-૩ દિવસના વિકેન્ડ કર્ફ્યુની જરૂરિયાત હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. રાજકીય કાર્યક્રમો પર અંકુશ લગાવવાનો પણ આદેશ કર્યો છે. રાજયમાં સરકાર ૨ કે ૩ દિવસના વિકેન્ડ કર્ફ્યુ લગાવે તેઓ હાઇકોર્ટે નિર્દેશ કર્યો છે. રાજ્યમાં કડકાઇની જરૂર પડે તેવી સ્થિતિનું હાઈકોર્ટનું અવલોકન કર્યું છે. રાજ્ય સરકાર ૨ દિવસમાં વિકેન્ડ કર્ફ્યુની જાહેરાત કરે તેવી સંભાવના છે.

### હાઈકોર્ટે શું કર્યા નિર્દેશ?

- કોરોનાની ચેઈન તોડવી જરૂરીઃ હાઈકોર્ટ.
- હાલની સ્થિતિ કર્ફ્યુ લગાવવા જેવીઃ હાઈકોર્ટ.
- કોરોનાને અટકાવવા નક્કર પગલાં જરૂરીઃ હાઈકોર્ટ.
- રાજકીય મેળવડા બંધ કરાવવા નિર્દેશ.
- જાહેર કાર્યક્રમોમાં નિયમો કડક કરવા નિર્દેશ.
- કોવિડના નિયમોનું ચુસ્ત પાલન કરાવવા નિર્દેશ.
- ગુજરાતમાં કોરોનાની સ્થિતિ બની રહી છે વિકટ.
- ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમનાથને આપ્યા નિર્દેશ.
- ૩થી ૪ દિવસનો કર્ફ્યુ લગાવવા હાઈકોર્ટનો નિર્દેશ.
- વિકેન્ડ કર્ફ્યુ બાબતે પણ નિર્ણય લેવા ટકોર.

# રાજકોટમાં સ્પા સંચાલક પાસે તોડ કરવા આવેલ છ નકલી પત્રકારો ઝડપાયા




રાજકોટ,

રાજકોટ શહેરમાં નકલી પત્રકાર બની પત્રકારના નામે તોડ કરી સ્પા સંચાલકને ધમકી આપનાર ૬ નકલી પત્રકારોની ગાંધીગ્રામ પોલીસે અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. સ્પા કરાવ્યા બાદ રૂપિયા ન આપી સામે રૂપિયા પડાવવા કાવતરું રચી ખોટી ફરિયાદમાં ફસાવી દેવાનું કહી આરોપીઓએ સ્પા સંચાલકને ધમકી આપ્યાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નકલી પત્રકારોએ સોનાના ચેઈનની ચોરીનું કાવતરૂ ઘડી સ્પા સંચાલક પાસે દોઢ લાખ રૂપિયાની માગણી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ રવિવારે બપોરના સમયે રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા યુનિવર્સિટી રોડ પરના અરિવા વેલનેશ એન્ડ હેલ્થ કેર સ્પા ખાતે ગત તારીખ ૪ એપ્રિલ ૨૦૨૧ના રોજ બપોરના સમયે સગીર અને રવિ નામના બે યુવાન સ્પા કરાવવા માટે આવ્યા હતા. આ બંનેએ સ્પા કરાવ્યા બાદ બહાર રિશેપ્શન પર આવી સગીરનો સોનાનો ચેઈન ચોરી થઈ ગયો છે તેમ કહી બાદમાં નકલી પત્રકારની ઓળખ આપી હતી.

બાદમાં અન્ય સાગરીતોને બોલાવી સ્પામાં ગોરખધંધા ચાલે છે અને ચેઈન ચોરી કરવામાં આવ્યો હોવાનું કહી ફેસબુક પર વીડિયો રેકોર્ડિંગ કર્યો હતો. બાદમાં સ્પા સંચાલક પાસે દોઢ લાખ રૂપિયાની માગણી કરી હતી. જો મેટર પતાવવી હોય તો રૂપિયા આપવા જ પડશે તેમ કહી નકલી પત્રકારોએ ફરિયાદી સ્પા સંચાલકને બદનામ કરવાની ધમકી આપી હતી. બાદમાં ફરિયાદી સ્પા સંચાલકે નકલી પત્રકારો રવિ, મયુર, ગૌતમ, સંજય, સુરેશ અને એક સગીર સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# વડાપ્રધાન મોદી આજે 'પરીક્ષા પે ચર્ચા' કરશે



ન્યુ દિલ્હી,

દેશના વિદ્યાર્થીઓ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વાર્ષિક સંવાદ 'પરીક્ષા પે ચર્ચા', આ વખતે નવા વર્ચ્યુઅલ ફોર્મેટમાં સાતમી એપ્રિલે યોજાશે. વડા પ્રધાને આ બાબતની જાહેરાત ટ્વિટર પર કરતા જણાવ્યું હતું કે સાતમી એપ્રિલે સાંજે સાત વાગ્યે આપણા બહાદુર એક્ઝામ વૉરિયર્સ, એમનાં માતાપિતા અને શિક્ષકો સાથે વિવિધ વિષયો પર અનેક રસપ્રદ સવાલો અને યાદગાર ચર્ચા નવા ફોર્મેટમાં યોજાશે.

આ સાથે એમણે એક વીડિયો ટૅગ કર્યો હતો, જેમાં તેઓ એમ કહેતા જણાયા હતા કે આપણે ગત એક વર્ષથી કોરોના વાઈરસના રોગચાળાના ઓછાયા હેઠળ જીવી રહ્યા છીએ અને એ કારણે મારે તમને મળવાનો લહાવો જતો કરવો પડયો છે તથા હું તમારી સાથે 'પરીક્ષા પે ચર્ચા' નવી ફોર્મેટમાં વાતચીત કરીશ. એમણે વિદ્યાર્થીઓને પરીક્ષાને તક તરીકે જોવાની અને જીવનના સ્વપ્નના અંત તરીકે ન જોવાની સલાહ આપી હતી. વીડિયોમાં જણાવાયું હતું કે આ વર્ચ્યુઅલ ઈવૅન્ટમાં વડા પ્રધાન વિદ્યાર્થીઓ સાથે મિત્ર તરીકે વાતો કરશે અને એમના માતાપિતા તથા શિક્ષકો સાથે પણ ચર્ચા કરશે. આ કાર્યક્રમનું નામ ભલે 'પરીક્ષા પે ચર્ચા' હોય, પણ ચર્ચા ફક્ત પરીક્ષા સુધી જ સીમિત નહીં હોય. 'પરીક્ષા પે ચર્ચા ૧.૦'નો કાર્યક્રમ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં યોજાયો હતો અને એ વખતે વડા પ્રધાને વિદ્યાર્થીઓ સાથે પ્રત્યક્ષ વાતચીત કરી હતી.


**સોનેરી તક**

ધો. 12 સાયન્સમાં B ગ્રુપ માં પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે

**ડૉક્ટર(BHMS)**

બનવા માટેની સોનેરી તક

ધો.૧૨ સાયન્સમાં B-ગ્રુપમાં પાસ થયેલ અને નીટ(NEET)માં નપાસ થયેલ વિદ્યાર્થીઓ માટે ડોક્ટર (BHMS) બનવા માટેની સોનેરી તક NEETમાં Qualifiedના હોય તો પણ સંપર્ક કરો અને એડમીશન મેળવો.

વધુ માહિતી માટે : ૯૭૧૨૮૮૦૬૭૮


# સા.અરબનો પાક.ને ઝટકોઃ જમ્મુ-કાશ્મીરમાં ભારતની નીતિના ભરપેટ વખાણ કર્યા




રિયાધ/ન્યુ દિલ્હી,

સાઉદી અરબે પાકિસ્તાનને વધુ એક ઝાટકો આપ્યો છે અને એ પણ જમ્મુ-કાશ્મીર મામલે. સાઉદી અરબના મુખ્ય સમાચારપત્ર 'સાઉદી ગઝટ'માં જમ્મુ-કાશ્મીરને લઈ મોદી સરકારની નીતિઓના ભારોભાર વખાણ કરતા કહ્યું છે કે, કલમ ૩૭૦ હટાવ્યા બાદ ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમો શરૂ કર્યા છે, જેનાથી દરેક યુવાનોમાં સકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે. પાકિસ્તાન અત્યાર સુધી એવુ જ કહેતુ આવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવામાં આવ્યા બાદ કાશ્મીરની સ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ છે. જ્યારે સાઉદી અરબે તેનાથી એકદમ ઉલટુ મોદી સરકારની ભારોભાર પ્રશંસા કરી છે.

'સઉદી ગઝટ' એ લખ્યું છે કે, કશ્મીર ખીણના યુવાનો નવા ભારતની પ્રગતિ અને સદ્ધરતાનો ભાગ બનવા માંગે છે. એક જમાનામાં કાશ્મીરી યુવાઓની ઓળખ પથ્થરબાજો તરીકે થતી હતી પરંતુ કલમ ૩૭૦ હટાવ્યા બાદ તે મુખ્યધાર સાથે જોડાઈને પોતાનું જીવન સારા માર્ગે લઈ જવાનો પ્રયાસ કરી રહ્યાં છે. સમાચાર પત્રએ એમ પણ કહ્યું હતું કે, કલમ ૩૭૦ હટાવવાનો નિર્ણય લેવાયો ત્યારે વૈશ્વિક સ્તરે એ આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે, રાજ્યમાં હિંસા અને અશાંતિ ફેલાશે પરંતુ આમ કંઈ જ ના થયું. પરંતુ તેનાથી વિપરીત યુવાઓએ આ ઐતિહાસિક પરિવર્તનને ખુબ જ સકારાત્મક રીતે આવકાર્યું છે.

સાઉદી ગઝટ સાઉદી અરબનું મુખ્ય અંગ્રેજી સમાચારપત્ર છે. પોતાના રિપોર્ટમાં સમાચારપત્રએ આગળ ઉમેર્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં વિકાસ માટે અનેક યોજનાઓ લાગુ કરવામાં આવી છે. ત્યાં સુધી કે ૫ ઓગષ્ટ, ૨૦૧૯ બાદ આત્મસમર્પણ કરનારા આતંકવાદીઓ પણ હવે મુખ્ય વિચારધારામાં શામેલ થઈ રહ્યાં છે. સાઉદી ગઝટનો આ રિપોર્ટ ભારત અને સાઉદી અરબના મજબૂત થઈ રહેલા સંબંધોને દર્શાવે છે. પાકિસ્તાને આ મુદ્દે સાઉદી અરબને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન સલમાને તેની કોઈ જ વાતને કાને ધરી નહોતી.

# દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૬,૬૮૨ કેસ, ૪૪૬ના મોત



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાનો કહેર યથાવત છે. છતાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા કેસ એક લાખની નીચે આવતા થોડી રાહત થઈ છે. મંગળવારે આરોગ્ય મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા મુજબ દેશમાં એક દિવસમાં કોરોનાના નવા ૯૬,૯૮૨ કેસ નોંધાયા. જે ગઈકાલે નોંધાયેલા કેસ કરતા ઓછા છે.

સોમવારે દેશમાં ઓલ ટાઈમ હાઈ ૧,૦૩,૫૫૮ કેસ નોંધાયા હતા. દરમિયાન ૨૪ કલાકમાં દેશમાં ૫૦,૧૪૩ લોકો સાજા થયા. આ સમયગાળા દરમિયાન દેશમાં કોરોનાને પગલે ૪૪૬ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

દેશમાં હાલ કોરોના વાઈરસના ૭,૮૮,૨૨૩ કેસ છે. આ સાથે જ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૨૬,૮૬,૦૪૯ થઈ છે. બીજી તરફ કુલ ૧,૧૭,૩૨,૨૭૯ લોકોએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાને પગલે અત્યારસુધી કુલ ૧,૬૫,૫૪૭ લોકોએ જીવ ગુમાવ્યો છે. દેશમાં હાલ સાજા થવાનો દર ૯૨.૫ ટકા છે, જ્યારે મોતનું પ્રમાણ ૧.૩ ટકા છે. દેશમાં અત્યારસુધી કુલ ૮.૩૧ કરોડ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવી ચૂકી છે.

૮ માર્ચ પછીથી કોરોનાના કેસ જે રીતે વધી રહ્યા છે તે જ રીતે મૃત્યુઆંકમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. આ સમયમાં ૭ દિવસના રોજના નોંધાતા કેસ અને મૃત્યુઆંક બન્નેમાં લગભગ ૩૪૫%નો ઉછાળો નોંધાયો છે.

દરરોજ નોંધાતા મૃત્યુ (સરેરાશ સાત દિવસ)નો આંકડો ૮ માર્ચના રોજ ૯૬ હતો જે ૪ એપ્રિલે ૪૨૫ પર પહોંચી ગયો હતો, એટલે કે આ ૪.૫ ગણો વધ્યો છે, આ સમયગાળા દરમિયાન કેસમાં પણ ઉછાળો નોંધાયો છે.

આ પહેલાના ૪ અઠવાડિયા (૮ ફેબ્રુઆરીથી ૮ માર્ચ) દરમિયાન ૫૦% કેસમાં ઉછાળો નોંધાયો હતો પરંતુ મૃત્યુઆંક કાબૂમાં હતો. હાલ જે રીતે કેસ વધી રહ્યા છે તેની સાથે મૃત્યુઆંક પણ વધી રહ્યા છે.

પાછલા અઠવાડિયામાં (૨૯ માર્ચથી ૪ એપ્રિલ) ૨,૯૭૪ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, અહીં અગાઉના અઠવાડિયા (૧,૮૭૫) કરતા ૫૯% વધારો નોંધાયો છે. એટલે કે અગાઉના ૭ દિવસ કરતા પાછલા ૭ દિવસમાં ૧૦૦૦થી વધુ મૃત્યુઆંક નોંધાયા છે. ભારતમાં કોરોનાકાળ શરુ થયો તે પછીનો આ અઠવાડિયા દરમિયાનનો મૃત્યુઆંકનો મહાકૂદકો છે.

મહારાષ્ટ્રમાં નવા ૪૭,૨૮૮ કેસ નોંધાયા છે, રવિવારે નોંધાયેલા કેસ કરતા ૧૦,૦૦૦નો ઘટાડો નોંધાયો છે. છત્તીસગઢમાં મોટા ઉછાળા સાથે ૭,૩૦૨ નવા કેસ નોંધાયા છે. આ વર્ષે આ બીજુ રાજ્ય બન્યું છે કે જેણે એક દિવસમાં નવા કેસનો આંકડો ૭,૦૦૦ને પાર નોંધાવ્યો છે.

# રાજ્યમાં આજે અધધધ... ૩૨૮૦ નવા કેસ

ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા પ્રમાણે રાજ્યમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૩૨૮૦ કેસ નોંધાયા છે અને ૨૧૬૭ દર્દીઓ સાજા થયાં છે. આ સાથે જ અત્યાર સુધીમાં ૩,૦૨,૯૩૨ દર્દીઓ કોરોના મુક્ત થયાં છે. તો આજે ૧૭ લોકોના સારવાર દરમિયાન મોત થયાં છે. આમ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૫૯૮ લોકોના મોત કોરોનાને કારણે થયાં છે. ગઈકાલ કરતા આજે કોરોનાના કેસમાં ચિંતાજનક ઉછાળો નોંધાયો છે તો સાથોસાથ મૃત્યુનો આંકડો પણ દિવસેને દિવસે વધી રહ્યો છે. રાજ્યમાં હાલ ૧૭૧ લોકો વેન્ટિલેટર પર છે. એક્ટિવ કેસનો આંકડો ૧૭૩૪૮ પર પહોંચ્યો છે.

એક સમયે આખા ગુજરાતમાં નહોતા આવતા એટલા કોરોનાના કેસ માત્ર અમદાવાદમાં નોંધનીય છે કે, કોરોનાની બીજી લહેરની શરૂઆતમાં સમગ્ર રાજ્યમાં ૨૦૦-૩૦૦ કેસથી થઇ હતી, તો એક્ટિવ કેસનો આંકડો પણ ૧૦૦૦ આસપાસ આવી પહોંચ્યો હતો પરંતુ ત્યારબાદ સ્થિતિ વણસણતા મહાનગરોમાં અમદાવાદ અને સુરતની સ્થિતિ વધુ કફોડી છે. ગણતરીના દિવસો પહેલા સમગ્ર રાજ્યમાં જેટલા કેસ નોંધાતા હતા તેટલા કેસ આજે માત્ર અમદાવાદમાં નોંધાયા છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**ગમીરસિંહ પ્રતાપસિંહ બારીઆ**

મુ. કુવા-ડુંગરફળીયું, તા. દે.બારીઆ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**કેશવભાઈ રામસિંગભાઈ બારીઆ**

મુ. બૈણા-વચલુ ફળીયું, તા. દે.બારીઆ

# મહીસાગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુની વયના ૧,૮૪,૦૮૦ નાગરિકોના લક્ષ્યાંક સામે ૩૨ હજારથી વધુને કોરોના વેક્સીન અપાઇ

લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોરોનાને એક વર્ષ કરતા વધુ સમય થયો છે. ત્યારે આ મહામારીને પહોંચી વળવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રસીકરણ અભિયાન કાર્યરત કરવામાં આવેલ છે. કોરોના વોરિયર્સ, ફ્રન્ટલાઈન વર્કર, ૬૦ પ્લસને કોરોના પ્રતિરોધક રસી આપ્યા બાદ ૧લી એપ્રિલથી સમગ્ર મહીસાગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કોરોના વિરોધી રસીકરણ હેઠળ આવરી લેવાની હાથ ધરાયેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

રસીકરણની કામગીરી જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ આગળ ધપી રહી છે.

પ્રારંભના દિવસ થી જ પમી એપ્રિલ સુધીમાં બાલાસિનોર તાલુકામાં ૪૭૯૧,સંતરામપુર તાલુકામાં ૭૪૫૩, લુણાવાડા તાલુકામાં ૭૯૪૦, ખાનપુર તાલુકામાં ૩૯૮૨, કડાણા તાલુકામાં ૫૦૧૧ અને વિરપુર તાલુકામાં ૩૭૫૧ મળી જિલ્લાના કુલ ૩૨૯૨૮ જેટલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના નાગરિકો દ્વારા કોરોના વેકસીનેશન કરાવી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. કોરોના સામે રક્ષણ આપતી રસી મૂકાવા માટે નાગરિકોમાં પણ હવે સ્વયંભૂ જાગૃતિ આવી હોવાનું જોવા મળી રહ્યું હતું.

જિલ્લા કલેકટર આર. બી. બારડે જણાવ્યું કે મહીસાગર જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના જેણે જેણે વેકસીન લીધી હોય તેઓએ તેમની આસપાસના દસ વ્યકિતને સમજાવી અને બીજા દસ જણાને વેકસીન અપાવવા સહયોગ કરે જેથી વધુમાં વધુ વ્યકિતઓ સમજે અને ખૂબ પ્રમાણમાં વેકસીનેશન થાય અને આ મહામારી કાબુમાં આવી શકે તે માટે અપીલ કરી હતી. સાથે સાથે વેકસીન લીધા પછી પણ કાળજી એટલી જ રાખવાની છે જેમ કે, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું અને જાહેર ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં, સેનીટાઇઝ કરવું, જયાં-ત્યાં થુંકવુ નહીં અને ખૂબજ કાળજી રાખી આ રોગની ગંભીરતાને સમજી આપણે બધા સાથે મળી રોગને નિયંત્રણમાં લાવવા તમામ સહયોગ કરશે તેવી આશા વ્યકત કરી હતી.

# લુણાવાડામાં છપૈયાધામ સોસાયટી સ્વામિનારાયણ મંદિર ખાતે કોરોના વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો

લુણાવાડા,
કોરોનાની વૈશ્વિક મહામારીમાં સમાજ અને સરકાર સાથે ખભે ખભો મીલાવીને કોરોના મુક્ત ભારત-કોરોના મુક્ત ગુજરાતના નિમાર્ણ માટે કમર કસી રહ્યા છે. ત્યારે કોરોનાના વધતા સંક્રમણને નિયંત્રણમાં લેવા રાજ્ય સરકાર દ્વારા કોવીડ-૧૯ ગાઈડલાઇનને અનુસરી તેમજ કોરોના રસીકરણ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા અસરકારક પગલા લઈ રહયાં છે. ત્યારે, મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાથી રક્ષણ માટે વેક્સિનેશન અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે. તે અંતર્ગત જિલ્લામાં વિવિધ વિસ્તારોમાંવેકસીનેશનબુથ શરૂકરી ૪૫ વર્ષથીવધુ વયના લોકોને વેક્સિનનું કવચ આપવામાં આવી રહ્યું છે.લુણાવાડામાં છપૈયાધામ સોસાયટી સ્વામિનારાયણ મંદિર ખાતેઆજરોજવેક્સિનેશન બૂથ શરૂ કરવામાં આવ્યું હતું જેમાં સ્વયંભૂ લોકોએઆગળ આવી વેક્સિન લઈકોરોનાથી પોતે પણ સુરક્ષિત થઈપરિવારને પણ સુરક્ષિત કરવાનો સંદેશ પાઠવીઅન્યને પણ પ્રેરિત કર્યા હતા.

ત્યારે છપૈયાધામ સોસાયટીના રહીશ એવા ૪૫ વર્ષથીવધુ વયના મુકેશભાઈ કાછિયાએ કોરોનારસીનો પ્રથમ ડોઝ લઈ તે સંપૂર્ણ સુરક્ષિત હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કોરોનારસી લીધા બાદ તેઓએ જણાવ્યું હતું કે, મેં રસીનો પહેલો ડોઝ લીધો છે. રસી લીધાને અડધો કલાક કરતાં વધુ સમય વીત્યો હોવા છતાં મને કોઈ પણ પ્રકારની આડઅસર કે તકલીફ થઇ નથી. એટલે કે રસી સંપૂર્ણ



રીતે સલામત અને સુરક્ષિત છે. હું ૪૫ વર્ષથીવધુ વયના તમામ નગરજનોને કોરોના રસી લેવા માટે અપીલ કરૂં છું. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ ફરજીયાત માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ.તેમજ કોરોના રસીકરણના આ અભિયાનમાં સહયોગ આપી સૌ કોઈને રસીકરણ કરાવવા માટે પ્રેરણા પુરી પાડી હતી.

## કાલોલ મહાલક્ષ્મી મંદિરમાં વેક્સિનેશન કેમ્પનું આયોજન


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ શહેરમાં આવેલ મહાલક્ષ્મી મંદિર ખાતે કોરોનાથી રક્ષણ આપતી વેક્સિનેશન નો લાભ મળી રહે તે માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલોલ નગરના જુદા જુદા વિસ્તારોમાં દરરોજ નગરપાલિકા અને આરોગ્ય વિભાગના સંયુકત પણે કોરોના સામે રક્ષણ આપતી વેક્સિનેશન કેમ્પનું આયોજન થતું હોય છે. જે અંતર્ગત આજરોજ કાલોલ શહેરના મહાલક્ષ્મી ચોક ખાતે આવેલા મહાલક્ષ્મી મંદિરમાં વેક્સિનેશન કેમ્પનું આયોજનમાં આવેલ જેમાં તાલુકા આરોગ્ય વિભાગના અધિકારીઓનાં નિરીક્ષણ હેઠળ કોરોના વેકસીન ની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં કાલોલ મહાલક્ષ્મી ચોક વિસ્તારના ૧૯૦ શહેરીજનોએ કોરોના સામે રક્ષણ આપતી વેક્સિન મુકાવી મહાલક્ષ્મીના મંદીરમાં યોજાયેલો કેમ્પનો લાભ લીધો હતો.

# ધૈર્યરાજસિંહની સારવાર માટે એકઠુ થયું ૧૬ કરોડનું દાન : ટુંક સમયમાં વિદેશથી આવશે દવા



ગોધરા,
અત્યંત રેર બીમારી (SMA)થી પીડાતા ધૈર્યરાજસિંહની સારવાર માટે વિદેશથી દવા મગાવવી જરૂરી હતી. મધ્યમવર્ગના પરિવાર માટે દવાના ૧૬ કરોડ રૂપિયા ભેગા કરવા સપના સમાન હતું, પણ એક મદદની હાકલને લોકોએ મન મૂકીને ધૈર્યરાજસિંહને દવા માટે મદદ કરવાનું શરૂ કરી દીધું હતું. આજે તેને ૧૬ કરોડ રૂપિયાની મદદ પૂરી થઈ ગઈ છે. જેમાં ૨ કરોડથી વધુ રોકડ પણ મદદના રૂપમાં આવી છે.

**: ૧૨ દિવસમાં દવા આવી જશે :**

ધૈર્યરાજસિંહના પિતાએ એક અખબારને આપેલી મુલાકાતમાં જણાવ્યું હતું કે, મને લોકો અને મિત્રો પાસેથી ખૂબ મદદ મળી છે. આજે મારા દીકરાની સારવાર માટેના ૧૬ કરોડ ભેગા થઈ ગયા છે, જેથી હવે ટેક્નિકલ પ્રક્રિયા પૂર્ણ કરીને હવે દવા મગાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. એક વખત દવા માટે ઓર્ડર અપાઈ જાય ત્યાર બાદ ૧૫ દિવસમાં એ આવી જાય છે.

**: જન્મજાત બીમારી સાથે ધૈર્યરાજસિંહ જન્મ્યો :**

માહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કાનેસર ગામમાં મધ્યમવર્ગીય રાજદીપસિંહ સુરેન્દ્રસિંહને ત્યાં બાળકનો જન્મ થતાં માતા-પિતા તેમજ પરિવારજનોમાં આનંદ પ્રસર્યો હતો. પરંતુ માતા-પિતાને ક્યાં ખબર હતી કે, બાળક એક ગંભીર બીમારી સાથે જન્મ્યું છે. કુદરતની મરજી આગળ માણસ લાચાર છે એવું કહેવાય છે. પરિવારજનો બાળકને હોસ્પિટલમાં લઈ જતાં ચકાસણી દરમિયાન નિષ્ણાત ડૉક્ટરે જણાવ્યું હતું કે ધૈર્યરાજસિંહ જન્મજાત ગંભીર બીમારી સાથે જન્મ લીધો છે. જેને એસએમએ-૧(Spinal Muscular Atrophy Fact Sheet)તરીકે ઓળખવામાં આવે છે. જેને ગુજરાતીમાં કરોડરજ્જુની સ્નાયુબદ્ધ એટ્રોફી ફેક્ટશિટ કહેવામાં આવે છે.

**: કરોડરજ્જુમાં નબળાઈ અને બગાડ પેદા થાય છે :**

આ બીમારી રંગસૂત્ર-પની નાળીમાં ખામીને કારણે થાય છે. આ જનીન સર્વાઈકલમાં પ્રોટીન ઉત્પન્ન કરે છે. જે માણસની બોડીમાં ન્યુરોન્સનું પ્રમાણ જાળવી રાખે છે. જ્યારે આવાં બાળકોમાં આ સ્તર યોગ્ય રીતે જળવાતો નથી. જેને લીધે ન્યુરોન્સનો સ્તર અપૂરતો હોવાના લીધે કરોડરજ્જુમાં નબળાઈ અને બગાડ પેદા થાય છે તેમજ શ્વાસ લેવામાં પણ તકલીફ થાય છે. આ રોગની સારવાર ખૂબ મોંઘી છે. તેના માટેના ઈંજેક્શન રૂપિયા ૧૬ કરોડમાં યુ.એસ.થી માગવું પડે છે. જેની માન્યતા ડિસેમ્બર-૨૦૧૬માં યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (સ્પિનરાઝા)ને મળેલું છે.

**: ઈમ્પેક્ટ ગુરૂ NGOમાં ખાતું ખોલાવી ડોનેશન એકઠું કરાયું :**

ડોક્ટરોના કહેવા પ્રમાણે, બાળકના ઈલાજ માટે ૧ વર્ષનો સમય છે. જેના માટે બાળકના પિતાએ ૧૬ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ભેગી કરવાનો સમય આવ્યો છે. ત્યારે તેઓ ચિંતા કર્યા વગર ધૈર્યરાજસિંહનું નામ ઈમ્પેક્ટ ગુરૂ નામના એનજીઓમાં પોતાનું ખાતું ખોલાવી એમાં ડોનેશન ભેગું કરવાની નેમ ઉઠાવી છે, ત્યારે તેમણે આ રકમ ભેગી કરવા સોશિયલ મીડિયાના માધ્યમથી મહીસાગર જિલ્લા અને ગુજરાત રાજ્યના તમામ ભામાશા પાસે પ્રાર્થના કરી છે. ત્યારે ગુજરાત ની તમામ જનતા પાસે ફૂલ નહી તો ફુલની પાંખડી આપવા માટે આજીજી કરી હતી.

# સરકારી ઈજનેરી કોલેજ, ગોધરામાં "પ્રોડકટ ડિઝાઈન" વિષય પર ઓનલાઈન વર્કશોપ યોજાયો


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
આવા મહામારીના મુશ્કેલ સમયમાં industries દ્વારા કયા કયા revolutions આવ્યા, નવી ટેકનોલોજી નો ઉપયોગ થયો,એન્જિનિરીંગ ના વિદ્યાર્થી ઓ કઈ રીતે ઇનોવાટીવ પ્રોડક્ટ ડિઝાઇન કરી શકે તેની માહિતી આપવા માટે સરકારી ઇજનેરી કોલેજ, ગોધરાના મિકેનિકલ વિભાગના પ્રો.હાર્દિક શુક્લ અને પ્રો. એન.જે.પરમારના કોર્ડિનેશનમા અમદાવાદની વિખ્યાત ખોડિયાર કેડ સેન્ટરના સહયોગ થી પ્રોડક્ટ ડિઝાઈન વિષય પર ઓનલાઈન વર્કશોપ યોજાઈ ગયો. જેમાં ખોડિયાર કેડ સેન્ટર તરફથી ટેક્નિકલ ડિરેક્ટર જતીનભાઈ પટેલ દ્વારા ખુબ સરસ રીતે વિદ્યાર્થી ઓને માહિતી આપવામાં આવી હતી. તેમણે AUTOCAD LIVE ડેમોસ્ટ્રેશન પણ કર્યું હતું અને વિવિધ variables, ટૂલ બોક્સની પણ માહિતી આપી હતી. અને સોફ્ટવેર ની મદદ થી ઘરે બેઠા જ વિદ્યાર્થીઓ કઈ રીતે અવનવી પ્રોડક્ટ ડિઝાઈન કરી શકે છે. તે વિવિધ એપ્લિકેશન થી સમજાવ્યું હતું ઈલેક્ટ્રિકલ મશીન ડ્રોઈંગ, મિકેનિકલ મશીન ડ્રોઈંગ, જવેલરી ડિઝાઇન વિગેરે ની પણ માહિતી આપી હતી.

સરકારી ઈજનેરી કોલેજ ગોધરાના વડા પ્રો. એ.કે.પટેલ, સરકારી પોલિટેક્નિક ગોધરા અને સરકારી પોલિટેક્નિક, હાલોલ માંથી પણ પ્રો. એચ.એમ. પટેલ તેમજ પ્રો.જે.વી.ભોલંદાના સહયોગ થી આ ત્રણેય સંસ્થાના આશરે ૬૫ જેટલાં વિદ્યાર્થી ઓ તેમજ ૬ જેટલા અધ્યાપકો એ પણ ભાગ લીધો હતો. પ્રો. હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું કે, ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ઓને ઓનલાઈન કાર્યક્રમ પત્યા બાદ ઈમેઈલ દ્વારા સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. એ.કે.પટેલ, જતીનભાઈ પટેલ અને જીગ્નેશ ભાઈ પટેલ -(ડિરેક્ટર,ખોડિયાર કેડ સેન્ટર )નો ખાસ આભાર માન્યો હતો અને સંસ્થા મા નિયમિત થતી વિદ્યાર્થી લક્ષી પ્રવુતિઓની માહિતી આપી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પ્રો. ગાંધી, પ્રો કેદારીયા, પ્રો.અનંતશેઠ, પ્રો. વિપુલભટ્ટ, પ્રો. પ્રદ્યુમ્ન પરમાર વિગેરે નો પણ સહકાર મળી રહ્યો હતો. આ પ્રકારના આયોજનને વિદ્યાર્થીઓએ આવકાર્યું હતું. સુફિયાન હથિલા નામના વિદ્યાર્થી એ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ થી મિકેનિકલ ડિઝાઇનની ખુબ વિસ્તૃત માહિતી મળી હતી. જે અમારી સ્કિલ વધારવામાં ઉપયોગી નીવડશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૦૭-૦૪-૨૦૨૧, બુધવાર, ફાગણ વદ-એકાદશી, સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૬-૪૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્ર: ધનિષ્ઠા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# ભાજપ ચૂંટણી જીતવાનું મશીન નથી, દિલ જીતવાનું અભિયાન છેઃ મોદી

ન્યુ દિલ્હી,
ભારતીય જનતા પાર્ટીનો આજે ૪૧મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતાં. તેમણે પાર્ટી કાર્યકર્તાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેમના જ યોગદાનના કારને આજે ભાજપ દુનિયાની સૌથી મોટી પાર્ટી બની ગઈ છે. આ ઉપરાંત તેમણે દેશના નાના ખેડૂતો, રેકડીવાળા




અને મહિલાઓ માટે શરૂ કરેલી યોજનાઓ અને તેનાથી થતા લાભોનો ઉલ્લેખ કર્યો હતો.

પીએમ મોદીએ કહ્યું હતું કે, પાર્ટીની ગૌરવશાળી યાત્રાના આજે ૪૧ વર્ષ પૂરા થઈ રહ્યા છે. આ ૪૧ વર્ષ એ વાતની સાક્ષી પૂરે છે કે સેવા અને સમર્પણ સાથે કોઈ પાર્ટી કેવી રીતે કામ કરે છે. ભાજપને આકાર અને વિસ્તાર આપનારા અમારા આદરણીય લાલકૃષ્ણ અડવાણીજી, મુરલી મનોહર જોશીજી જેવા અનેક વરિષ્ઠોના આશીર્વાદ અમને હંમેશા મળતા રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન દરમિયાન કહ્યું હતું કે, ભાજપ ફક્ત એક ચૂંટણી જીતવાનું મશીન જ નથી, અમને દરેક સંપ્રદાયનું સમર્થન મળી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભાજપ શરૂઆતથી જ માને છે કે વ્યક્તિથી મોટો પક્ષ અને પક્ષથી મોટો દેશ છે. કાર્યકરોના ત્યાગ, સંકલ્પથી પાર્ટી આગળ વધી છે. આ સાથે પીએમ મોદીએ આ અવસરે પાર્ટીના વરિષ્ઠ નેતાઓના યોગદાન ઉપર પણ ચર્ચા કરી. તેમણે કહ્યું હતું કે, ડો.શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી, અટલ બિહારી વાજપેયીજી, કુશાભાઉ ઠાકરેજી, રાજમાતા સિંધિયાજી જેવા અગણિત મહાન વ્યક્તિત્વોને ભાજપના પ્રત્યેક કાર્યકર તરફથી હું શ્રદ્ધાંજલિ આપું છું. શ્રદ્ધાસુમન અર્પણ કરું છું. દેશનો કદાચ જ કોઈ એવું રાજ્ય કે જિલ્લો હશે જ્યાં પાર્ટી માટે ૨-૩ પેઢીઓ કાર્યરત ન હોય. હું આ અવસરે જનસંઘથી લઈને ભાજપ સુધીના રાષ્ટ્રસેવાના આ યજ્ઞમાં પોતાનું યોગદાન આપનારા દરેક વ્યક્તિને આદરપૂર્વક નમન કરું છું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનની શક્તિ છે કે આપણે તેમનું સપનું પૂરું કરી શકયા. કલમ ૩૭૦ હટાવીને કાસ્મીરને બંધારણીય અધિકાર આપી શક્યા. તેમણે કહ્યું હતું કે, ગત વર્ષ કોરોનાએ સમગ્ર દેશ સામે એક અભૂતપૂર્વ સંકટ ઊભું કરી દીધુ હતું. ત્યારે તમે બધા પોતાનું દુઃખ ભૂલાવી દેશવાસીઓની સેવાઓમાં લાગેલા રહ્યા. તમે સેવા જ સંગઠનનો સંકલ્પ લીધો અને તે માટે કામ કર્યું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ગાંધીજી કહેતા હતા કે નિર્ણય અને યોજનાઓ એવી હોવી જોઈએ જે સમાજની છેલ્લી હરોળમાં ઊભેલા વ્યક્તિ સુધી લાભ પહોંચાડે. ગાંધીજીની તે મૂળ ભાવનાને ચરિતાર્થ કરવા માટે આપણે અથાગ પ્રયત્નો કર્યા છે. અમારી સરકારનું મૂલ્યાંકન તેની ડિલિવરી સિસ્ટમથી થાય છે. આ દેશમાં સરકારોના કામકાજનો નવો મૂળમંત્ર બની રહ્યો છે. આમ છતાં દુર્ભાગ્ય એ છે કે ભાજપ જો ચૂંટણી જીતે તો તેને ચૂંટણી જીતવાનું મશીન કહેવાય છે.

# રાજ્યમાં હજુ પણ કોરોનાના કેસ વધશે, લોકો ગભરાય નહિઃ રૂપાણી

સુરત,
ગુજરાતમાં કોરોના કાબૂ બહાર જતાં ચિંતાના વાદળો ઘેરાયા છે. જેને પગલે ગુજરાત હાઈકોર્ટે પર ગુજરાત સરકારને લોકડાઉન કે કરફ્યૂ લાદવા નિર્દેશ કર્યો હતો. જે બાદ સીએમ વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. અને ગુજરાત હાઈકોર્ટની લોકડાઉનની ટિપ્પણી અંગે પણ તેઓએ નિવેદન આપ્યુંહતું.

સીએમ રૂપાણીએ કહ્યું કે, દેશ અને ગુજરાતમાં કોરોનાનાં કેસ વધ્યા છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં ટોટલ કેસના ૬૦ ટકા કેસ જોવા મળે છે. અન્ય જિલ્લાઓમાં પણ



કેસ વધ્યા છે. છેલ્લા ૧ વર્ષથી કોરોના સામે સંઘર્ષ કરતાં આવ્યા છીએ. હાલમાં કોરોનાનું વાતાવરણ જોતાં લાગે છે કે કેસ વધશે. પણ તેનાથી ડરવાની જરૂર નથી. પણ સાવચેતી રાખવાની જરૂર છે. અને એટલા માટે વેક્સિનેશન વધાર્યું છે. હાલ ગુજરાતમાં રોજ ૪ લાખથી વધુ લોકોને રસી આપવામાં આવે છે. ૭૦ લાખ લોકોને રસી આપી દેવામાં આવી છે. ઝડપથી લોકોને વેક્સિન લાગવા મંડે અને બીજો રાઉન્ડ પણ પતે એ ઈલાજ આપણા હાથમાં આવ્યો છે. વર્ષ પહેલાં હથિયાર આપણી પાસે ન હતું. અને હવે રસી આપણા હાથમાં છે. એટલે લોકો રસી લગાવે તેમ વિનંતી કરું છું. ૯૮ ટકા લોકો માસ્ક પહેરવાને કારણે બચી જાય છે. માસ્ક વ્યવસ્થિત પહેરે તેવી લોકોને અપીલ છે. કોરોનાનું સંક્રમણ ઓછામાં ઓછું થાય તેટલે ટેસ્ટિંગ વધાર્યું છે. આજે લગભગ ૧ લાખ ૨૦હજાર સુધી રોજ ટેસ્ટિંગ કરી રહ્યા છે. ટેસ્ટિંગ પછી ટ્રેસિંગ કરીને ટેસ્ટ કરી રહ્યા છીએ. પોઝિટિવ કેસ આવે તેનું ટ્રીટમેન્ટ વધારે થાય તેના માટે સરકારે ૧૦૪ની સુવિધા શરૂ કરી છે. ૧૦૪ પર કોલ કરતાં જ સારવાર શરૂ કરી દેવામાં આવે છે. સંજીવની રથ પણ હોમ ક્વોરન્ટાઈન દર્દી માટે શરૂ કરાયા છે.

સુરતમાં ૧૦૦ સંજીવની રથ ઘરે સારવાર લઈ રહ્યા છે તેમના માટે શરૂ કરવામાં આવશે. એક નિર્ણય કર્યો છે કે સુરતમાં ખાનગી નર્સિંગ હોમ કે જે ૧૦-૨૦ બેડ નર્સિંગ હોમ ચલાવે છે તે લોકોને માઈલ્ડ અને એસિમ્પોમેટિક કેસની સારવાર કરી શકે છે. જેથી કોવિડ રજીસ્ટર હોસ્પિટલમાં આ પ્રકારના માઈલ્ડ દર્દીથી બેડ રોકાઈ નહીં. અને સીરિયસ કેસ છે તેના માટે હોસ્પિટલમાં બેડ મળે.

સુરતમાં ૮૦૦ બેડની કિડની હોસ્પિટલમાં વધારવામાં આવશે. નવા ૩૦૦ વેન્ટિલેટર સુરતને મળશે. ખાનગી હોસ્પિટલમાં પણ વેન્ટિલેટર આપવામાં આવશે. રેમડેસિવિર ઈન્જેક્શનના ૩ લાખ જથ્થાનો ઓર્ડર આપ્યો છે. ગુજરાતમાં કેડિલા ઝાયડ્સ કંપની ઈન્જેક્શન આપે છે. સરકારી હોસ્પિટલમાં મફતમાં ઈન્જેક્શન આપવામાં આવશે. જ્યારે ખાનગી હોસ્પિટલમાં જ દર્દીઓને જોતાં સીધા હોસ્પિટલને જ ઈન્જેક્શન આપવામાં આવશે. અને તેની અછત ન સર્જાઈ તેના માટે સરકારે પ્લાનિંગ કરી રાખ્યું છે.

## દૈનિક રાશીફળ

તા.૦૭.૦૪.૨૦૨૧ બુધવાર

મેષ (અ.લ.ઈ.) :- જુના કર્જમાં રાહત થવાની છે. ઉધારી ધંધો ઈચ્છનીય નથી તમારી શકિતઓને ઓળખો પ્રવાસ થાય.
વૃષભ (બ.વ.ઉ.) :- ભાઈ-બહેનોની સગાઈ કે લગ્નનું કાર્ય સફળ થવાનું નોકરીમાં કાર્યભાર રહેવાનો.
મિથુન (ક.છ.ઘ.) :- ભૌતિક સુખ સગવડતાઓ વધવાની છે. વિજાતીય મિત્રતા વધુ ગાઢ બને. પીરવારના સભ્યોની જરૂરીયાતો વધે.
કર્ક (ડ.હ.) :- માનસિક સ્થિતિ સારી રહે. જ રીયાતો વધવાની છે. જુની ઉઘરાણીમાંથી અમુક રકમ હાથમાં આવે.
સિંહ (મ.ટ.) :- વ્યર્થ દલીલબાજી ન કરવી ખર્ચ ઉપર કાબુ રાખવો તમારા સપના સાકાર થતા જોઈ શકશો.
કન્યા (પ.ઠ.ણ.) :- સમસ્યાઓનું નિરાકરણ એકમાત્ર તમારી સબબ મહેનત, કોઈ અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા.
તુલા (ર.ત.) :- દિવસ દરમ્યાન આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખજો નોકરીમાં ચીવટ રાખવી મિત્રોથી આર્થિક મદદ મલવાની.
વૃશ્ચિક (ન.ય.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભ કરતા રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.
મકર (ખ.જ.) :- નિર્ણયો બાબત સર્તકતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.
કુંભ (ગ.શ.સ.) :- માનસિક ટેન્શન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભદાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.
મીન (દ.ચ.ઝ.) :- નોકીરમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## દાહોદ જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં

# જિલ્લા-તાલુકાના આગેવાનો તથા વેપારીઓ સાથે બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- જે વેપારીઓ ૪૫ કે તેથી વધુ ઉંમરના છે તેઓ વેક્સિન ઝડપથી લઈ લે.
- સામાન્ય લોકો-વેપારીઓ દ્વારા બેદરકારીને કારણે ઝાલોદ અને લીમડીમાં મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યાં કેસો.
- માસ્ક, સામાજિક અંતર જેવા નિયમોનું કડક પાલન કરો નહીંતો આકરા પગલા લેવાશે.
- આરોગ્યકર્મીઓની ટીમને સર્વેલન્સ, ટેસ્ટીંગ વગેરેમાં પૂરતો સહયોગ કરવો.
- વેપારી વર્ગે સમયાંતરે ટેસ્ટ કરાવતા રહેવું જરૂરી.
- કોરોના પોઝિટિવ આવેલા વેપારી-દુકાનદારના કુંટુંબીજનો પણ દુકાન ચાલું ન રાખે, હોમ આઈસોલેશનના નિયમોનું કડક પાલન કરે.

દાહોદ,

જિલ્લામાં કોરોનાના વધતા કેસોને કાબૂમાં લેવા કલેક્ટર વિજય ખરાડીની અધ્યક્ષતામાં જિલ્લાના તેમજ વિવિધ તાલુકાના વેપારી મંડળોના આગેવાનો, વેપારીઓ સાથે જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટર ખરાડીએ તમામ વેપારીઓને સપષ્ટપણે જણાવ્યું કે, જિલ્લામાં નોંધાય રહેલા કોરોનાના કેસોમાં ૫૦ ટકા જેટલા કેસો વેપારીઓ કે તેમની સાથે સંકળાયેલા લોકોના આવી રહ્યાં છે. માટે વેપારીવર્ગ કોરોના સંબધિત માસ્ક સહિતની તમામ તકેદારીઓનું ચુસ્ત પાલન કરે અને જે વેપારીઓ ૪૫ કે તેથી વધુ ઉંમરના છે તેઓ વેક્સિન ઝડપથી લઈ લે.

તેમણે જણાવ્યું કે, ઝાલોદ અને લીમડીમાં કેસો મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યાં છે, જેનું મુખ્ય કારણ સામાન્ય લોકો અને વેપારીઓ દ્વારા કોરોનાની સાવચેતી બાબતે બેદરકારી દાખવવામાં આવી રહી છે. આ વિસ્તારોમાં લોકો માસ્ક પહેરવા, સામાજિક અંતર જેવી બાબતોનું પાલન નથી કરી રહ્યાં. આરોગ્યકર્મીઓને સર્વેલન્સ કે ટેસ્ટીંગ જેવી બાબતોમાં પણ સહકાર નથી મળી રહ્યો એવું જોવામાં આવી રહ્યું છે. આ રીતની બેદરકારી ખૂબ જ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે. માટે સૌ વેપારીઓ પોતે આ કોરોનાની બધી સાવચેતીઓનું પાલન કરે અને ગ્રાહકોને પણ આ માટે આગ્રહ કરે તે જરૂરી છે.

દરેક વેપારી માસ્ક, સામાજિક અંતર જેવા નિયમોનું ફરજીયાત પાલન કરે જેથી ગંભીર સ્થિતિનું નિર્માણ ન થાય કે કોઈ આકરા પગલા ન લેવા પડે. દુકાનદારોને સંક્રમણની શકયતાઓ સૌથી વધુ છે. માટે સૌથી વધુ તકેદારી તેમણે જ રાખવાની છે. અત્યારે કોરોના વેક્સિનેશન અભિયાન ચાલી રહ્યું છે પરંતુ રસીના પ્રથમ ડોઝના છ કે આઠ અઠવાડિયા બાદ બીજો ડોઝ લેવાનો હોય છે અને તેના ૧૫ દિવસ બાદ કોરોના સામેની જરૂરી રોગપ્રતિકારક શકિત વ્યક્તિમાં આવે છે. એટલે કે પૂરા બે મહિના જેટલો સમય લાગી જાય છે માટે આ સમયગાળા દરમિયાન અને પછી પણ માસ્ક, સામાજિક અંતર જેવી બાબતોનું ખાસ ચુસ્ત પાલન કરવાનું છે.

કોરોનાના કેટલાંક નવા લક્ષણો પણ જણાઈ રહ્યાં છે જેવા કે, માથાનો દુખાવો, ઉલ્ટી, ડાયેરીયા વગેરે. આવા લક્ષણો જણાઈ તો તરૂત જ કોરોનાનો ટેસ્ટ કરાવી લેવાનો રહેશે અને વેપારી વર્ગે સમયાંતરે ટેસ્ટ કરાવતા રહેવું જરૂરી પણ છે, જેથી સંક્રમણ અન્ય સુધી ન ફેલાય. ડોક્ટરો જણાવે છે કે ઘણાં લોકો સાત થી આંઠ દિવસ જેટલા મોડા સારવાર માટે આવતા હોય છે પરિણામે વધુ ગંભીર કેસ થઈ જાય છે. માટે નિયમિત ટેસ્ટીંગ કરાવતા રહેવું જોઈએ અને સારવાર પણ ઝડપથી લેવી જોઈએ. જે વેપારીઓને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવે તેઓ જરૂરી સારવાર લે તથા તેમના કુંટુબીજનો ૧૪ દિવસ માટેના હોમ આઈસોલેશનની અનિવાર્ય પાલન કરે અને એ જરૂરી છે કે તેમના ઘરના અન્ય લોકો પણ આ સમયગાળામાં દુકાન ન ખોલે. આ ઉપરાંત વેપારીઓ સંપર્કમાં આવનાર લોકોની વિગતો (રજીસ્ટર) પણ રાખે તે ઘણું જરૂરી છે. કોઈ પણ દુકાનદાર પોઝિટિવ આવે તો તેમના સંપર્કમાં આવેલા લોકોનું પણ ટેસ્ટ કરાવી લેવો એટલો જ જરૂરી છે.

વેપારીઓ કોરોના સંક્રમણને રોકવા માટે પોતાનો સહયોગ આપે એ ખૂબ જરૂરી છે. પોતાના સાથી વેપારીઓ સુધી પણ આ બાબતના સંદેશા મોકલે અને કોરોનાની તમામ સાવચેતીઓનું પાલન કરવા જણાવે. જિલ્લાના વેપારી મહામંડળો પણ આ બાબતે દુકાનદારો અને સામાન્ય માણસને કોરોના બાબતે જાગુત કરે. ઉપરાંત તંત્રને પણ પોતાની સર્વેલન્સ, ટેસ્ટીંગ જેવી બાબતોમાં પૂરતો સહયોગ કરે.

બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારી, ડેપ્યુટી કલેકટર રાજેન્દ્ર ગામેતી, તાલુકા હેલ્થ ઓફિસરો સહિત જિલ્લાના વિવિધ વેપારી મંડળો, આગેવાન વેપારીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદના ખરોદા ગામે SBI BC પોઈન્ટના એજન્ટની કારમાંથી ૩ લાખની ચોરી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની બીસી પોઈન્ટ ચલાવનાર એજન્ટ આજરોજ દાહોદ શહેરના યાદગાર ચોક ખાતે આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાંથી રૂા.૩ લાખ રૂપીયા રોકડા ઉપાડી પોતાની ફોર વ્હીલર ગાડીમાં બેઠા હતા અને ટાયર પંચર જણાતાં નજીકમાં આવેલ ટાયરની દુકાને ફોર વ્હીલર ગાડીનું પંચર કઢાવતાં હતાં તે સમયે ડ્રાઈવર સીટ ઉપર મુકેલ રોકડા રૂપીયા ૦૩ લાખ ભરેલ બેગ કોઈ અજાણ્યા ગઠીયાઓ ચોરી કરી લઈ નાસી જતાં દાહોદ પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. હેબતાઈ ગયેલ બીસી પોઈન્ટના એજન્ટે દાહોદ શહેર પોલીસને જાણ કરતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

દાહોદ તાલુકાના રાણાપુર ગામે રહેતા મુકેશભાઈ રાઠોડ ખરોદા ગામે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું બીસી પોઈન્ટ ચલાવે છે. આજરોજ તેઓ આ બીસી પોઈન્ટ માટે રોકડા રૂપીયા લેવા દાહોદની યાદગાર ચોક ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતે આવ્યાં હતાં અને જ્યાંથી રોકડા રૂપીયા ૦૩ લાખ ઉપાડી પોતાની ફોર વ્હીલર ગાડીમાં બેઠા હતાં. આ દરમ્યાન ગાડીનું ટાયર પંચર જણાતાં તેઓ નજીકમાં આવેલ એક ટાયરની દુકાને પહોંચ્યાં હતાં અને ત્યાં પંચર પડેલ ટાયરનું પંચર કઢાવતાં હતાં. આ દરમ્યાન તેઓ રોકડા રૂપીયા ૦૩ લાખ ભરેલ બેગ ડ્રાઈવર સીટની ઉપર મુક્યું હતું. એક તરફ મુકેશભાઈ ટાયરનું પંચર કઢાવવામાં વ્યસ્ત હતા. ત્યાં બીજી તરફ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ડ્રાઈવર સીટની ઉપર મુકી આ રોકડા રૂપીયા ભરેલ બેગની તડફંચી કરી લઈ નાસી ગયાં હતાં. મુકેશભાઈએ ડ્રાઈવર સીટ તરફ જોતાં રૂપીયા ભરેલ બેગ નજરે ન પડતાં તેઓ હેબતાઈ ગયા હતા. આસપાસના લોકો પણ જાણ થતાં લોકટોળા સ્થળ પર ઉમટી પડ્યાં હતાં. વિલંબ ન કરી મુકેશભાઈએ તાત્કાલિકા આ મામલે નજીકની પોલીસનો સંપર્ક સાંધ્યો હતો અને પોલીસ દ્વારા હાલ આસપાસના સીસીટીવી ફુટેજોની તપાસ પણ હાથ ધરી હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે આ ઘટનાને પગલે સમગ્ર દાહોદ શહેરમાં ચકચાર મચી જવા પામી હતી અને ઘટના આજે ટોક ઓફ ધી ટાઉન રહેવા પામી હતી.

## ફતેપુરામાં સ્વૈચ્છિક લોકડાઉનનો થયેલ ફિયાસ્કો



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગર સહિત તાલુકામાં દિનપ્રતિદિન કોરાણા સંક્રમણના કેસ વધતા જતા કોરોના સંક્રમણની ચેનને તોડવા માટે ગ્રામ પંચાયત ફતેપુરા કાલીયા વલુંડા અને કરોડિયા પૂર્વ ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોના હિતમાં લોકડાઉન માટેનો એલાન કરવામાં આવ્યું હતું. સવારના ૭:૦૦ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધી ધંધા–રોજગાર વેપાર ચાલુ રાખી ત્યારબાદ લોકડાઉન એલાન ૧૦ દિવસ માટે કરવામાં આવેલ હતું. જેના આજે પ્રથમ દિવસે જ લોકડાઉનનો ફિયાસ્કો થયેલો હતો. વેપારીઓ દ્વારા દરરોજના રાબેતા મુજબ પોતાના વેપાર–ધંધા રોજગાર ચાલુ રાખેલ હતા આમ ફતેપુરા કાલીયા વલુંડા અને કરોડિયા પૂર્વ ૩ ગામ ના વેપારીઓ પોતાના ધંધા રોજગાર વ્યાપાર રાબેતા મુજબ ચાલુ રાખેલ હતા.

## કોરોના વેક્સિનના બંને ડોઝ લેનારા દીપકભાઈ જણાવે છે કે ૪૫ કે તેથી વધુ ઉંમરના સૌ નાગરિકો સત્વરે વેક્સિન લઇ લે



દાહોદ,

જિલ્લામાં કોરોનાના કેસો વધી રહ્યાં છે ત્યારે કોરોના સામેનો અચૂક ઉપાય એટલે કે વેક્સિન સત્વરે લઇ લેવી ખૂબ જરૂરી છે. અત્યારે ૪૫ કે તેથી વધુ ઉંમરના દરેક વ્યક્તિને સરકાર દ્વારા કોરોનાની રસી નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. નજીકના રસીકરણ કેન્દ્રનો સંપર્ક કરીને સત્વરે દરેક વ્યક્તિએ રસી લઇ લેવી જોઇએ. જેથી પોતે તેમજ પરીવારના સભ્યો આ મહામારીથી દૂર રહે. ખાસ કરીને વેપાર ધંધો કરતા હોય, અનેક લોકોને મળવાનું થતું હોય એ લોકોએ તો ખાસ કોરોનાની રસી સમયસર લઇ જ લેવી જોઇએ. કોરોનાની વેક્સિન સંપૂર્ણ સુરક્ષિત છે, જિલ્લામાં લાખો લોકોએ આ રસીનો લાભ લીધો છે. આજે વેક્સિનના બંને ડોઝ લેનારા દિપકભાઇનો અનુભવ જાણીશું.

દાહોદના દિપકભાઇ મલેકે કોરોનાની વેક્સિનના બંને ડોઝ લીધા છે. પોતાનો અનુભવ વર્ણવતા તેમણે જણાવ્યું કે, મેં કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. આ રસીની કોઇ પણ આડઅસર નથી. આ બાબતે ઘણી ખોટી અફવાઓ ચાલી રહી છે, જે સદંતર ખોટી છે. મારી દાહોદના નાગરિકોને વિનંતી છે કે જેઓ ૪૫ કે તેથી વધુ ઉંમરના છે તેઓ સૌ સત્વરે કોરોનાની વેક્સિન લઇ લે. જિલ્લામાં વેક્સિનેશનની કામગીરી ચાલી રહી છે. ત્યારે નાગરિકોનો સહકાર અનિવાર્ય છે, સાથે એ પણ જરૂરી છે કે નાગરિકો જયારે પણ ઘર બહાર નીકળે માસ્ક અવશ્ય પહેરે, જાહેર સ્થળોએ સામાજિક અંતરનું પાલન કરે અને સરકાર દ્વારા જાહેર કરાયેલી કોરોના સામેની સાવચેતીઓનું ચુસ્ત પાલન કરે. તો જ આપણે કોરોનાને પરાસ્ત કરી શકીશું.

## ગરબાડાના વજેલાવ ગામે મકાન માંથી ૨૯ હજારનો દારૂ ઝડપ્યો

ગરબાડા,

ગરબાડા તાલુકાના વજેલાવ ગામે એક રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતી પ્રોહી રેડ કરતાં મકાનમાંથી કુલ રૂા.૨૯,૪૦૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

જેસાવાડા પોલીસે ગત તા.૦૫મી એપ્રિલના રોજ વજેલાવ ગામે રહેતાં અલ્પેશભાઈ મગનભાઈ ડામોરના રહેણાંક મકાનમાં મળેલ બાતમીના આધારે ઓચિંતી પ્રોહી રેડ કરતાં અલ્પેશભાઈ મગનભાઈ ડામોર પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના રહેણાંક મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની તથા બીયરની બોટલો નંગ. ૨૯૪ કિંમત રૂા.૨૯,૪૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી અલ્પેશભાઈ વિરૂદધ જેસાવાડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ LCB પોલીસે ચાકલીયા રોડ ઉપર થી ચોરીના બાઈક સાથે પકડાયેલ ઈસમ પાસેથી પુછપરછ દરમ્યાન વધુ ૩ બાઈક મળી



દાહોદ,

દાહોદ જિલ્લામાં વધતાં મોટરસાઈકલ ચોરીના બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લઈ દાહોદ એલ.સી.બી.પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ આરંભ કરતાં આજે મળેલ બાતમીના આધારે ચાકલીયા બોર્ડર પર પોલીસે વોચ ગોઠવી ઉભા હતાં તે સમયે ત્યાં એક નંબર વગરની મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલ એક મોટરસાઈકલ ચોરની અટક કરી સઘન પુછપરછ કરતાં તેણે અને તેની ગેંગના માણસોએ અન્ય મોટરસાઈકલ ચોરી કરી હોવાની કબુલાત કરી તેણે દર્શાવેલ સ્થળ પર પોલીસે તપાસ હાથ ધરતાં વધુ ૦૩ મળી કુલ ચાર ચોરીની મોટરસાઈકલ કબજે કરી તેના સાગરીતોના ધરપકડના ચક્રો પોલીસે ગતિમાન કર્યા છે.

દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશના બાલવાસા તરફથી એક ઈસમ નંબર વગરની મોટરસાઈકલ લઈને પસાર થઈ રહ્યો છે. જેને આધારે આજરોજ પોલીસે ચાકલીયા બોર્ડર તરફ વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ નંબર વગરની મોટરસાઈકલ સાથે એક ઈસમ ત્યાંથી પસાર થતાં તેને પોલીસે ઉભો રાખ્યો હતો અને પુછપરછ કરતાં સંતોષકારક જવાબ પોલીસને ન મળતાં તેની સઘન પુછપરછમાં આ મોટરસાઈકલ ચોરીની હોવાનું કબુલાત કર્યું હતું. વધુમાં જાણવા મળ્યા અનુસાર, આ ઝડપાયેલ મોટરસાઈકલ ચોરનું નામ મંજુરભાઈ દિનેશભાઈ ભુરીયા (રહે. ચરેલ, નાળ ફળિયું, તા.મેઘનગર, જિ.ઝાબુઆ, મધ્યપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. આ ચોર તેના ગેંગના અન્ય સાગરીતો સાથે મળી મોટરસાઈકલ ચોરી કરતાં હતાં અને ચોક્કસ જગ્યાએ સંતાડી રાખી વેચવા માટે ફરતાં હતાં. પોલીસે આ ઝડપાયેલ મોટરસાઈકલ ચોરની વધુ પુછપરછમાં જણાવ્યા અનુસાર, અન્ય ૩ મોટરસાઈકલો અનાસ નદીના પટમાં જવાના રસ્તાની બાજુમાં ઝાડી જંગલમાં છુપાવી રાખેલ છે. આ જાણતા પોલીસે આ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી અને અન્ય ચોરીની મોટરસાઈકલો પણ કબજે કરી હતી. આ આખી ગેંગ મધ્યપ્રદેશની છે અને આ ગેંગમાં કુલ ૦૫ સભ્યો છે. ભુતકાળાં લુંટ, ધાડ તેમજ ઘરફોડ તેમજ ચોરી અને પેટ્રોલ પંચ લુંટ તેમજ એસ.આર.પી. જવાનની એસ.એલ.આર. બંદુકની ચોરી જેવા ગંભીર પ્રકારના ગુન્હાઓમાં જિલ્લા તેમજ આંત જિલ્લાના ગુનાઓમાં પકડાઈ ચુકેલ છે જેઓ જામીન પર મુક્ત થયા બાદ ફરીથી એકત્રિત થઈ વાહન ચોરીના ગુન્હાઓને અંજામ આપતાં હતાં. આ ઝડપાયેલ મોટરસાઈકલ ચોર ચોરીના વાહનો વેચવા માટે ગ્રાહકો શોધવાની સક્રિય ભુમીકા ભજવે છે. આમ, દાહોદ એલ.સી.બી.પોલીસે ઉપરોક્ત મોટરસાઈકલ ચોરને ચાર ચોરીની મોટરસાઈકલો સાથે ઝડપી પાડી કુલ રૂા.૧,૩૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કબજે કરવામાં આવેલ ચોરીની આ ચાર મોટરસાઈકલોની ફરિયાદ પંચમહાલ, ઝાલોદ અને લીમખેડા મુકામે નોંધાઈ હોવાનું પણ જાણવા મળે છે.

## દે.બારીયા શહેરમાં કોરોના કેસો છે તેમ છતાં તે વિસ્તારોને કન્ટેનમેન્ટ ઝોન કેમ જાહેર કરવામાં આવતા નથી ?

દે.બારીયા,

દે.બારીયા શહેરની સબજેલમાં ગત સપ્તાહ લગભગ ૧૬ જેટલા કેદીઓ કોરોના પોઝીટીવ આવતા શહેરમાં ખળભળાટ જોવા મળ્યો હતો. ગુપ્ત માહિતી મુજબ ટાવર શેરી, ડેરી ફળીયા તથા ભાગેલા કોટ જેવા વિસ્તારોમા કાતિલ કોવિડ–૧૯ના સંક્રમણના કેસો છે. તેઓ બહાર આવતા નથી. જેથી આ વિસ્તારોમાં આરોગ્ય વિભાગના દ્વારા તપાસણી કરવામાં આવે તો બીજા વધારે કેસો બહાર આવે તો નવાઈ નહિ સરકાર શ્રી ગાઈડ લાઈન મુજબ ૧૪ દિવસ પોતાના રહેણાકમાં કોરોન્ટાઈન કરવામાં આવે અને જે તે વિસ્તારને સીલ કરવામાં આવે તેવી જીલ્લના કલેકટરની પાસે માંગ છે કે, નગર પાલિકાના દ્વારા કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી પતરાના સેડ કરી સીલ કરવામાં આવે તો બીજા વિસ્તારોમાં સંક્રમણ વધવાનો ભય ઓછો થશે તેવા આદેશ જારી કશે. આ નહિ કરવામાં આવે તો સંક્રમણનો રેટ વધશે મળતી માહિતી મુજબ શહેરમાં એકટીવ કેસો ૧૫૦ની પાર છે. ખાસ કરીને ટાવર શેરી અમુક ઘરો તથા ભાગેલા કોટ વિસ્તાર, ડેરી ફળીયામાં કેસોને શોધીને સંક્રમણ ખરેખર હોય તો તેમને સ્વદેશી રસી લેવા માટે પ્રાંત સહિત કરી વધુ સંક્રમણ ના ફેલાય તેવા પગલાં લેવામાં આવે તેવી આમ જનતાની લાગણી અને માંગણી છે.

## વિવિધ બાગાયતી યોજનાઓમાં સહાય મેળવવા ૧૫ મે સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

દાહોદ,

જિલ્લા બાગાયત નિયામકએ આંતરરાષ્ટ્રીય ફળ અને શાકભાજી વર્ષ નિમિત્તે ખેડૂતોને વિવિધ બાગાયત સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા જણાવ્યું છે. આ માટે www.ikhedut.gujarat.gov.in વેબસાઈટ પરથી કે ઈ–ધરા કેન્દ્ર, ગ્રામ પંચાયત કે સાઈબર કાફેમાંથી ઓનલાઇન અરજી આગામી તા. ૧૫ મે, ૨૦૨૧ સુધીમાં કરીને અરજી કચેરીએ પહોંચતી કરવાની રહેશે. આ અંગે વધુ માહિતી માટે ફોન નં. ૦૨૬૭૩–૨૩૯૨૫૧ પર સંપર્ક કરી શકાશે.

વિવિધ બાગાયત યોજનાઓમાં નવા ફળપાક વાવેતર વિસ્તાર વધારવા સહાય, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ્સમાં સહાય (નાળીયેરી વગેરે), ટીસ્યુ કેળ, પપૈયા અને ખારેકની ખેતીમાં સહાય, હાઈબ્રીડ શાકભાજીના વાવેતર અને સરગવાની ખેતીમાં સહાય, વેલાવાળા શાકભાજીમાં ટેકા/મંડપમાં સહાય (કાચા, અર્ધપાકા અને પાકા મંડપ), ફુલપાક, ઔષધિય સુગંધિત, મસાલા પાકોના વાવેતરમાં સહાય, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, પીએચએમ માટે પેકીંગ મટીરીયલ્સમાં સહાય, સંકલિત ખાતર અને જીવાત નિયંત્રણ વ્યવસ્થામાં સહાય, ટુલ્સ ઈકવીપમેન્ટ, ગ્રેડીંગના સાધનોમાં સહાય (તાડપત્રી, વજનકાંટો, કેરેટ), બાગાયતી ખેતી માટે ટ્રેકટર (૨૦ પીટીઓ એચપી સુધી) અને પાવર ટીલરમાં સહાય, સ્વયં સંચાલિત બાગાયતી મશીનરીમાં સહાય, પાવર નેપસેક સ્પેયર તેમજ ટ્રેકટર માઉન્ટેડ સ્પ્રેયરની ખરીદીમાં સહાય, બાગાયતી ખેતીમાં ડ્રીપ ઈરીગેશન માટે પાણી સંગ્રહના ટાંકામાં સહાય અને નવા પ્રોસેસીંગ યુનિટ બનાવવા સહાય, રક્ષીત ખેતીમાં સહાય (મલ્ચીંગ, નેટ હાઉસ, પોલી ટનલ વગેરે), કોલ્ડ સ્ટોરેજ, કોલ્ડ રૂમ, રીફરવાન, પ્રાયમરી–મીનીમલ પ્રોસેસીંગ યુનિટ, પેક હાઉસ, રાઈપનીંગ ચેમ્બર, કોલ્ડ ચેન સીસ્ટમ અને પ્રોસેસીંગ એકમોમાં સહાય માટે ઓનલાઈન અરજી ઉકત સમયમર્યાદામાં કરી શકાશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 190

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકા દ્વારા વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માંથી વિકાસના કામો માટે

# વર્ક ઓર્ડર મેળવ્યા હોય તેવા કામો સાત દિવસમાં શરૂ કરવા પાલિકા પ્રમુખ દ્વારા કોન્ટ્રાકટરોને નોટીસ

ગોધરા,

ગોધરા નગર પાલિકામાં સત્તાની ધુરા અપક્ષ પ્રમુખે સંભાળતાની સાથે એકશન મોડમાં આવ્યા છે. પાલિકા પ્રમુખ દ્વારા વર્ષ-૨૦૧૯ અને ૨૦૨૦માં પાલિકા પ્લાનીંગ કમીટી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વિકાસના કામો માટે કોન્ટ્રાકટરોને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા. તેવા કામો કોન્ટ્રાકટરો દ્વારા પુરા નહિ કરી લોકોને વિકાસ થી વંચિત રહ્યા છે. જેને ધ્યાનમાં રાખીને પાલિકાના કામોના કોન્ટ્રાકટ ધરાવતા હોય તેવા કોન્ટ્રાકટરોને નોટીસ આપીને બાકી અને અધુરા કામો ૭ દિવસમાં પુરા કરવા માટે નોટીસ આપવામાં આવતાં પાલિકા વિસ્તારના વિકાસના કામો ને ખોરંભે ચડાવતા કોન્ટ્રાકટરોમાં ફફડાટ જોવા મળ્યો છે.

ગોધરા નગર પાલિકામાં વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષ ભાજપનું શાસન હતું. તે સમયગાળામાં નગરજનોને




પ્રાથમિક સુવિધા પુરી પાડવા માટે વિકાસના કામો મંજુર કરવામાં આવ્યા હતા અને નગર પાલિકા પ્લાનીંગ કમીટી દ્વારા આવા વિકાસના કામોના વર્ક ઓર્ડર કોન્ટ્રાકટરોને આપવામાં આવ્યા હોવા છતાં કામો અધુરા તેમજ શરૂ નહી કરીને ગોધરા પાલિકા વિસ્તારના રહિશોને પ્રાથમિક સુવિધા થી વંચિત રાખ્યા હોય તેવા વિકાસના કામો ઝડપ થી પુરા કરાવવા માટેના પ્રયાસ ગોધરા પાલિકાના પ્રમુખ સંજય સોની દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.

ગોધરા પાલિકાના પ્રમુખ દ્વારા ૨૦૧૯ના વર્ષ ૨૬/૦૨/૨૦૧૯ના રોજ કોન્ટ્રાકટર શોએબ વાય.બકકરને પ્લાનીંગ કમીટી દ્વારા વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. તેવા વિકાસના કામો અધુરા અને શરૂ નહિ કરી પુરાવ કરવામાં આવ્યા ન હોય તેવા કામો પુરા કરવા માટે ટેલીફોન થી તેમજ મૌખિક સુચના આપવામાં આવી છે. આગામી ચોમાસાની સીઝન પહેલા બાકી વિકાસના કામો પુરા કરવા માટે નોટીસ પાઠવવામાં આવી છે.

ગોધરા પાલિકા દ્વારા ૨૦૨૦ના વર્ષમાં તા.૧૯/૧૨/૨૦ના રોજ વિકાસના કામો માટે આપવામાં આવેલ વર્ક ઓર્ડર મુજબના કામો કોન્ટ્રાકટર વિશાલ પી.વ્યાસ કરતા હોય તેમના દ્વારા વિકાસના કામો રોડ રસ્તાના અધુરા અને પુરા નહિ કરીને નગરજનોને વિકાસ થી વંચિત તેમજ મળવા પાત્ર પ્રાથમિક સુવિધા પુરી નહિ પાડેલ હોય ત્યારે કોન્ટ્રાકટરને ૭ દિવસની નોટીસ આપી અધુરા કામો પુરા કરવા સુચન કરાયું છે.

ગોધરા નગર પાલિકામાં સુરતની તીરૂપતિ કન્સ્ટ્રકશનને પ્લાનીંગ કમીટી દ્વારા તા.૧૩/૦૮/૨૦ના રોજ રોડ રસ્તાના કામો માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા. પાલિકા માંથી કોન્ટ્રાકટર દ્વારા વિકાસના કામો માટે વર્ક ઓર્ડર મેળવેલ હોય તેવા વિકાસના કામો માટે ટેલીફોનીક તેમજ મૌખિક સુચન તિરૂપતિ કન્સ્ટ્રકશનને આપવામાં આવી હોય તેમ છતાં અધુરા વિકાસલક્ષી કામો પુરા નહિ કરી તેમજ વર્ક ઓર્ડર મળ્યો હોય તેવા કામો શરૂ નહિ કરીને નગરજનોને વિકાસના કામો થી વંચિત રાખ્યા હોય તેવા વિકાસના કામો માટે નોટીસ આપી ૭ દિવસમાં શરૂ કરવા માટે સુચન કરવામાં આવ્યું છે. જો વિકાસના કામોના વર્કઓર્ડર ધરાવતા કોન્ટ્રાકટર અને એજન્સી કામો પુરા કરવામાં કસુર કરશે તો નિયમનુસાર કાયદેસર કાર્યવાહી કરવા નગર પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા નોટીસમાં જણાવવામાં આવ્યું છે. ગોધરા નગર પાલિકામાં બીજેપીના શાસનમાં વિકાસલક્ષી કામો મળતીયાઓની મારફત મેળવીને કામો સમયસર પુરા નહિ કરી તેમજ કામો સ્થળ ઉપર પુરા કર્યા વગર સત્તાધિશો સાથે મળીને ભાગ બટાઈ કરતાં કોન્ટ્રાકટરોને નવા પાલિકા પ્રમુખ દ્વારા વિકાસના કામો પુરા કરવા માટે નોટીસ આપવામાં આવી છે. જેને લઈ પાલિકા માંથી ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં જુના શાસકો પાસે થી મેળવેલ કામોમં કમિશન હોય તેવા કામો વર્ક ઓર્ડર મુજબ પુરા કરવા માટે કોન્ટ્રાકટરોને ભારે મથામણ કરવી પડે તેવી સ્થિતી સર્જાય છે.

- પાલિકા પ્લાનીંગ કમીટી દ્વારા વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હોય તેવા કામો પુરા નહિ કરી નગરજનોને વિકાસ થી વંચિત રાખ્યા.
- ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં રોડ રસ્તાના કામોના વર્કઓર્ડર મેળવ્યા હોય તેવા કામો કોન્ટ્રાકટરો દ્વારા અધુરા પડેલ કામો પુરા કરવામાં આવ્યા નથી.
- જે વિકાસના કામોના વર્ક ઓર્ડર મળ્યા હોય તેવા કામો ચોમાસા પહેલા પુરા કરવા માટે નોટીસ.
- પાલિકાના અગાઉના સત્તાધિશો સાથે ભાગ બટાઈમાં કામો ખોરંભે ચડાવ્યા હોય તેવા કોન્ટ્રાકટરો હવે શું કરવું તેની ચિંતા.

ગોધરા નગર પાલિકામાં ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં માનીતા અને મળતીયા કોન્ટ્રાકટરોને પ્લાનીંગ કમીટી દ્વારા વિવિધ વિકાસલક્ષી રોડ રસ્તા, ગટર લાઈન સહિતના કામો માટે વર્ક ઓર્ડર આપવામા આવ્યા હતા. પાલિકા વિસ્તારના વિકાસના કામોના કોન્ટ્રાકટરો શોએબ વાય.બકકર, વિશાલ વ્યાસ, તિરૂપતી કન્સ્ટ્રકશનને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા હતા. તેવા વિકાસના કામો જે અધુરા છોડવામાં આવ્યા હોય અથવા શરૂ કર્યા ન હોય તેવા વિકાસના કામો પુરા કરવા માટે ગોધરા પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા નોટીસ આપવામાં આવી છે. ત્યારે હવે જોવાનું રહે કે ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષમાં વિકાસના કામો કોન્ટ્રાકટરો પુરા કરે છે કે કેમ ?

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૦ કોરોના પોઝીટીવ કેસો




ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં બીજી લહેરનું કોરોના સંક્રમણ ઘાતક બની રહ્યું છે. કોરોનાના બીજા સ્ટેનમાં લોકો ઝડપ થી કોરોના સંક્રમણના ભોગ બની રહ્યા છે. જે આરોગ્ય વિભાગ અને વહીવટીતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

જીલ્લામાં વધતા જતાં સંક્રમણને લઈ લોકો માસ્કનો ઉપયોગ કરે તેમજ કોરોના રસીકરણનો લાભ લે તેવી અપીલ કરાઈ રહી છે. આજરોજ ૩૦ કોરોના પોઝીટીવ કેસ નવ નોંધાયા છે. જ્યારે ૩૯ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે.

પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ધીમી ગતિ થી અજગરી ભરડો લઈ રહ્યું છે. અગાઉને કોરોના સંક્રમણ શહેરી વિસ્તારોમાં વધુ જોવા મળતું હતું. પરંતુ બીજા સ્ટેનના કોરોના સંક્રમણમાં ગ્રામ્ય વિસ્તારોના લોકો પણ સંક્રમણના ભોગ બની રહ્યા છે. કોરોના વધતો જતો પ્રકોપ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્રને ચિંતામાં મુકયા છે. સ્થાનિક સ્વરાજની ચુંટણીઓના પ્રચાર વખતે લોકો માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું ચુકયા હતા. તેના પરિણામ સ્વરૂપ કોરોના બમણી ગતિથી વકર્યા છે. કોરોનાના બીજા સ્ટેનમાં મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. સાથે હવે ૧૨ વર્ષથી નાની વયના બાળકો પણ કોરોના સંક્રમણનો ભોગ બની રહ્યા છે. તે ચિંતા ઉપજાવે તેવી બાબત છે.

જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ વહીવટી તંત્ર લોકોને માસ્ક પહેરવા માટે તેમજ કોરોના વેકસીન લેવા માટે અપીલ કરી રહી છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૩૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. તેમાં ગોધરા-૧૨, હાલોલ-૨, કાલોલ-૧ મળી ૧૫ કેસ શહેરી વિસ્તારમાં નોંધાયા છે. જ્યારે ગોધરા ગ્રામ્ય તાલુકામાં-૨, હાલોલ ગ્રામ્ય-૫, કાલોલ ગ્રામ્ય-૨, ઘોઘંબા તાલુકામાં ૫, જાંબુઘોડા-૧ મળી કુલ ૧૫ કોરોના પોઝીટીવ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાવા પામ્યા છે. આજરોજ ૩૯ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થયા છે. જ્યારે ૧ કોરોના દર્દીનું મોત નિપજાવા પામ્યું છે.

**પંચમહાલમાં કોરોનાના કેસ**

| | |
|---|---|
| ગોધરા | ૧૨ |
| હાલોલ | ૦૨ |
| કાલોલ | ૦૧ |
| ગોધરા ગ્રામ્ય | ૦૨ |
| હાલોલ ગ્રામ્ય | ૦૫ |
| કાલોલ ગ્રામ્ય | ૦૨ |
| ઘોઘંબા ગ્રામ્ય | ૦૫ |
| જાંબુઘોડા ગ્રામ્ય | ૦૧ |
| સક્રિય કેસ | ૨૪૭ |
| સાજા થયેલ દર્દી | ૩૯ |
| મૃત્યુ આંક | ૦૧ |

# શહેરા તાલુકાના અંતરીયાળ ગામો ધમધમતા ઈંટોના ભઠ્ઠાઓ તંત્રની મીઠી નજર હેઠળ ફુલ્યા ફાલ્યા

શહેરા,

શહેરા તાલુકાના નગર તથા અંતરિયાળ ગામડાઓમાં બિલાડીના ટોપની માફક ફાટી નીકળેલા ગેરકાયદેસર ઈંટોના ભઠ્ઠાઓ સામે તંત્ર મીઠી નજર રાખી રહી છે. ખાણ ખનિજખાતાના અધિકારીઓ સર્વે કરી છાપા મારી કાયદેસરની કાર્યવાહી કરે તેવી માંગ તાલુકાની પ્રજાજનોમાંથી ઉઠવા પામી છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા નગર અને તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ગામડાઓમાં ગેકાયદેસર રીતે કેટલાક ઈસમો દ્વારા ખાણ અને ખનિજ ખાતાની જાણ બહાર ગેરકાયદેસર રીતે ઈંટોના ભઠ્ઠા ચલાવવામાં આવી રહયા છે. તાલુકાના વિસ્તારમાં અનેક જગ્યાએ ઈંટોના ભઠ્ઠા ગેરકાયદેસર રીતે ચાલતા હોવા છતાં સ્થાનિક તંત્ર અને ખાણ અને ખનિજ ખાતાના અધિકારીઓ આ સામે કાર્યવાહી કરવામાં આંખ આડા કાન કરી રહયા છે. અમુક ગામોમાં આવા ગેરકાયદેસર ઈંટો ના ભઠ્ઠા ચાલી રહયા હોવાથી અમુક ખેતી પાક ને પણ નુકશાન થતુ હોવાનુ ખેડૂત આલમ મા ચર્ચાઈ રહયુ છે.અમુક ઈંટો ના ભઠ્ઠા કોઈપણ ખેડૂત ની જમીન ગીરો લઈને ઈંટો પાડતા હોય છે. ખાણ અને ખનિજ ખાતુ પોતાની આળસ ખંખેરી ને કાર્યવાહી કરેતો તાલુકાના વિસ્તારમાં આવેલા અઘઘ ઈંટોના કાર્યરત હોવાનું બહાર આવશે તો નવાઈ નહી. અમુક ઈંટોના ભઠ્ઠાની ઈંટો સરકારી કામમાં પણ વપરાતી હોય છે. ત્યારે સબંધિત તંત્ર આ બાબતે કડક કાર્યવાહી કરેતો સરકારી તિજોરીને નુકશાન જતુ પણ અટકી શકે તો નવાઈ નહી.


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

દેશભરમાં કોરોના રસીકરણ અભિયાન ઝડપી અને સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. જેમાં હાલોલ નગરમાં તાલુકા વિભાગના અધિકારીઓ દ્વારા ઠેરઠેર રસીકરણ કેમ્પ યોજી વધુમાં વધુ નગરજનો કોરોના રસી મુકાવે જેને લઈ આજરોજ હાલોલમાં આવેલ શ્રી દશા ઝારોળા વણિક પંચની વાડી ખાતે આજરોજ કોરોના રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હાલોલ તાલુકા આરોગ્ય વિભાગના અધિકારીઓ ની નિરીક્ષણ હેઠળ કોરોના વેકસીન ની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકોએ રસી મુકાવી કોરોના રસીકરણ અભિયાનમાં ભાગ લીધો હતો તથા હાલોલના વિધવાન બ્રાહ્મણ બાબુભાઈ શાસ્ત્રીએ કરોના રસી મૂકાવી લોકોને વેકસીનનો લાભ લેવા વિનંતી કરી હતી અને WHO તરફ થી નિરવભાઈ વરીઆ હાજર રહ્યા હતા.

## દેવ ડેમ આધારીત પાવાગઢ જુથ પાણી પુરવઠા ખાતે પંપીગ બગડી જતાં ચાર દિવસ પાણી નહિ મળે

પાવાગઢ,

પંચમહાલ જીલ્લાની પાવાગઢ જુથ પાણી પુરવઠા યોજના દેવ ડેમ આધારીત છે અને હાલોલ તાલુકાના ૨૭ જેટલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડે છે. તેમાં દેવ ડેમ ખાતે ફોલ્ટ સર્જાતા ૩ થી ૪ દિવસ પાણી પુરવઠો મળી શકશે નહિ.

હાલોલ તાલુકાના ૨૭ જેટલા ગામોને દેવ ડેમ આધારીત પાવાગઢ જુથ યોજના હેઠળ પાણી પુરવઠો આપવામાં આવતો હોય હાલ દેવ ડેમ ખાતે બે મોટરો ફોલ્ટ સર્જાતા બળી પંપીગ બંધ થયેલ છે. જેને લઈ પીવાના પાણીની સુવિધા બંધ રહેશે ત્યારે પીવાના પાણીની સુવિધા બંધ રહેશે ત્યારે લોકો એ ૩ થી ૪ દિવસ સુધી અન્ય શોષનો ઉપયોગ કરે તેવી લોકોને અપીલ કરવામાં આવી છે.

## ગોધરા તાલુકાના ગોવિંદ પંચાયતમાં આવેલ અંશવીલા સોસાયટીના કોમન પ્લોટમાં દબાણ કરતાં દુર કરવા કલેકટરને રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાના ગોવિંદી પંચાયત વિસ્તારમાં આવેલ અંશવિલા સોસાયટીના કોમન પ્લોટમાં પ્લોટ નં.૧૩૦ના મકાન માલિક દ્વારા ગેરકાયદેસર દબાણ ઉભું કરેલ છે અને શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે. તે દુર કરીને સોસાયટીના કોમન પ્લોટને દબાણ મુકત કરવા માટે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા ગોવિંદી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ અંશવિલા સોસાયટીમાં પ્લોટ નં.૧૩૦ માં રહેતા મકાન માલિક ધર્મેશભાઈ પટેલ દ્વારા રસ્તામાં દબાણ ઉભું કરેલ છે. રસ્તામાં ગાડી મુકતા સોસાયટીના અન્ય રહિશોને વાહન લઈ આવવા જવામાં મુશ્કેલીઓ નડે છે. પ્લોટ નં.૧૩૦ની પાછળના ભાગે સોસાયટીનો કોમન પ્લોટ આવેલ છે. તેમાં ગેરકાયદેસર રીતે દબાણ કરીને શાકભાજીનું વાવેતર કરેલ છે. જ્યારે પ્લોટ નં.૧૩૦ના રહિશ મિનરલ વોટરનો ધંધો કરતા હોવાથી જેનું પાણી કોમન પ્લોટમાં કરી રહ્યા છે. જેને લઈ મચ્છરનો ઉપદ્રવ થતાં રોગચાળાનો ભય રહે છે. કોમન પ્લોટમાં સરકારની પર્યાવરણ ઝુંબેશ હેઠળ કુલ છોડ તેમજ ઝાડના વૃક્ષો વાવવામાં આવ્યા હતા. તે કાપી નાખવામાં આવ્યા છે. ત્યારે અંશવિલા સોસાયટીના કોમન પ્લોટમાં કરેલ દબાણને દુર કરવામાં આવે તેવી માંગ સાથે જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ગોધરામાં કોરોના સક્રમણ વધતા તંત્ર એલર્ટ : રેલવે સ્ટેશન ખાતે આરોગ્ય ની ટીમ કાર્યરત


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરામાં કોરોના સક્રમણ વધતા તંત્ર એલર્ટ થયું. રેલવે સ્ટેશન ખાતે આરોગ્યની ટીમ કરવામાં કાર્યરત થઈ છે.ત્યારે બહાર ના રાજ્યોમાંથી આવતા મુસાફરોના આરોગ્યની તપાસ શરૂ કરવામાં આવી તેની સાથે થર્મલ ગન સ્કેનિંગ દ્વારા મુસાફરો નીતપાસ શરૂ કરવામાં આવી છે. શંકાસ્પદ જણાઈ આવતા મુસાફરોને સિવિલ હોસ્પિટલ ખાતે RT PCR ટેસ્ટ માટે મોકલવામાં આવે છે. છેલ્લા બે દિવસ દરમિયાન અન્ય રાજ્યોમાંથી આવતા ૪૦૦ ઉપરાંત મુસાફરોની તપાસ કરવામાં આવી છે. જેને લઈ ૨૦ જેટલાં મુસાફરોમાં શંકાસ્પદ લક્ષણો જણાઈ આવતા સિવિલ હોસ્પિલ ખાતે કોરોના ટેસ્ટ માટે મોકલી અપાયા.

# કાલોલ રામનાથ ગોમા નદીમાં ખાનખનિજ વિભાગે દરોડો પાડી રેતી ભરેલ ટ્રેકટર ઝડપી પાડ્યું

કાલોલ,

કાલોલ તાલુકા માંથી પસાર થતી ગોમાનદીમાં ખનિજ માફીયાઓ દ્વારા બેફામ રીતે રેતી ઉલેચવા માં આવી રહી છે. જ્યારે આવાં ખનિજ માફીયાઓ સામે જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા લાલ આંખ કરી કાલોલના રામનાથ ગોમા નદીમાં મંગળવારે દરોડો પાડી અંદાજીત ચાર મેટરીકટન સાદી રેતી ભરેલ પાસ પરમીટ વગરનું ટ્રેકટર ખાનખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યું હતું. ખાણખનિજ વિભાગ ના અધિકારીઓ દ્વારા ઝડપી પાડેલ રેતી ભરેલ ટ્રેકટર સહિત કુલ પાંચ લાખ ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કરી કાલોલ મામલતદાર કચેરી ખાતે સિઝ કરવામાં આવ્યો હતો.જિલ્લા ખાણખનિજ વિભાગ દ્વારા ટ્રેક્ટર માલિક ની તપાસ હાથ ધરવામાં આવતાં ગેરકાયદેસર રેતી ખનન કરતાં ટ્રેક્ટર ના માલિક નું નામ પરવતસિંહ રાઠોડ નું હોવાનુ બહાર આવ્યુ હતું.જોકે ખાનખનિજ દ્વારા ઝડપી પાડેલ ટ્રેક્ટર નાં માલિક ને ગેરકાયદેસર રેતી ખનન કરવા સામે અંદાજીત રૂા.૪૫,૦૦૦/- ઉપરાંત નો દંડ ફટકારવામાં આવ્યો છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

જોકે કાલોલ ગોમા નદીમાં શિશુ મંદિર પાછળના ભાગમાં આવેલા અંતરીયાળ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવે તો રેતીનો મોટો પાયા પર એકત્રિત કરવા આવેલ પુરવઠો મળી આવે તેમ છે. જિલ્લા ખાણ ખનિજ વિભાગ દ્વારા સત્વરે કામગીરી કરવામાં આવે તેવી લોકમાંગ ઉપસ્થિત થઈ છે.

ઉલ્લેખનીય છે કે, જિલ્લા ખાન ખનિજ વિભાગ દ્વારા કાલોલ શિશું મંદિર પાછળ પણ દરોડો પાડવામાં આવ્યો હતો.પરંતુ ખનિજ માફીયાઓને અગમચેતના મળી જતાં ભુમાફીયાઓમાં હડકંપ મચી ગઈ હતી. ખાણખનિજ વિભાગ પહોંચે તે પહેલાં ભુંમાફીયાઓ છુમંતર થઈ જતાં હોય છે.